IRD HC

ખૂબ જ અગત્યનું

ક્રમાંકઃહ-૨/સ્કો/૨૦૧૮/ ૩૯ થી ૫૯૨
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લૉક નં.૧૨, બીજો માળ
ગુ.રા. ગાંધીનગર
તા.૦3/૦૧/૨૦૧૮

પ્રતિ,
- ઉપ કુલપતિશ્રી, યુનિવર્સિટીઓ, તમામ..
- આચાર્યશ્રી, સરકારી અને બિન સરકારી કોલેજો, તમામ..
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, જિલ્લો – તમામ

વિષય:- રાજ્યમાં યુનિક આઈડેન્ટીફીકેશન અમલીકરણ કાર્યક્રમ અંતર્ગત આધાર ડેટાની સલામતી અને ગોપનીયતા જાળવવા બાબત...

સંદર્ભ:- શિ.વિ.ગાંધીનગર નાતા.૨૦/૧૨/૨૦૧૭ના ઈમેઈલ ની સાથે સામેલ થઈ આવેલ સા.વ.વિભાગના પત્ર ક્રમાંકઃયુ.આઈ.ડી./૧૧૨૦૧૭/૬૬૯/સ યુઆઈડીસેલ તા.૧૧/૧૨/૨૦૧૭

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજય માં અમલમાં મૂકાયેલ કેન્દ્ર તેમજ રાજયની યોજનાઓના અમલીકરણમાં જે વિભાગ/કચેરીઓએ આધાર નો ઉપયોગ કરતાંહોય તેવા દરેક વિભાગો/કચેરીઓએ ડેટાની સલામતી અને ગોપનીયતા અંગે આધાર એક્ટ,૨૦૧૬ અંતર્ગત પ્રકરણ-૬ ના સેકશન-૨૯ની વિવિધ જોગવાઈઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવાનું રહે છે.

ઉક્ત વિગતે વિધાર્થીઓની ઓળખ અંગેની માહિતી જેવી કે આધાર નંબર,ડેમોગ્રાફિક અને બાયોમેટ્રીક માહિતી કોઈપણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા કોઈ પણ માધ્યમથી પ્રસિધ્ધ, પ્રદર્શિત કે જાહેર ન થાય તેમજ આવી કોઈ માહિતી અગાઉથી જાહેરમાં પ્રદર્શિત થઈ હોય તો તેને તાત્કાલિક અસરથી દૂર કરવા સરકારશ્રી તરફથી સૂચના મળેલ છે.

આમ કોઈ વિધાર્થીના આધારનંબર અથવા ઓળખ અંગેની કોઈ માહિતી આપની કચેરી/સંસ્થાની વેબ સાઈટ પર કે અન્ય રીતે જાહેરમાં પ્રદર્શિત થઈ હોય તો તેને તાત્કાલિક અસરથી દૂર કરવા તેમજ ભવિષ્યમાં પણ તે અંગેની કાળજી લઈ આધાર એક્ટ-૨૦૧૬ની જોગવાઈઓનું સંપૂર્ણપણે પાલન ચૂસ્તરીતે થાય તે જોવા વિનંતી છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ આ સૂચનાનું પાલન કરવા તેમના તાબા હેઠળની તમામ શાળાઓને જણાવવાનું રહેશે.

નાયબ શિક્ષણ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા. ગાંધીનગર

ક્રમાંક : માધ્યમિ.3/આધાર/૨૦૧૮/૫૮૫

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા. ૦૬/૦૧/૨૦૧૮

નકલ રવાના જાણ તથા
અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ, આચાર્યશ્રી,
સરકારી / ગ્રાન્ટેડ / નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ